# Congratulations on a Big Success

Mr. Chirag Ramanbhai Amin a 2011 Graduate from College of Agricultural Engineering and Technology, Junagadh Agriculural University, Junagadh and resident of Himmatnagar cleared IFS main exam. This year he is the only candidate from Gujarat who have cleared IFS with 76 ranking on all India level.

Mr. Chirag Amin did his B.Tech.(Agril. Engg.) from College of Agricultural Engineering and Technology, Junagadh Agriculural University, Junagadh in 2011. Than he did his M.Tech (Agril. Engg.) from IIT, Kharagpur in 2013 and presently doing his Ph. D. at IARI, New Delhi. The University, College and whole Agricultural fraternity feel proud on his success. Dr. A.R. Pathak, Hon'ble VC, JAU, Junagadh, Dr. N. K. Gontia, Principal & Dean, College of Agricultural Engineering & Technology along with all faculty members join to congratulate Mr. Chirag Amin.

## હિંમતનગરના યુવાનનું યુપીએસસીમાં કૌવત

### કલાર્ક પિતાનો પુત્ર ચિરાગ IFS કેડર મેળવનાર ગુજરાતનો એકમાત્ર ઉમેદવાર

ભાસ્કર ન્યૂઝ | હિંમતનગર

હિંમતનગરના યુવાને આઈ.આઈ.ટી. ખડગપુર કલીયર કર્યા પછી દિલ્હી ખાતે પી.એચ.ડી. કરતા કરતા એક, બે નહી ત્રણ-ત્રણ પ્રયત્નો બાદ યુપીએસ પાસ કરી અને આઈ.એફ.એસ. કેડરમાં પાસ થનાર ગુજરાતના એકમાત્ર ઉમેદવાર ચિરાગ રમણભાઈ અમીને જિલ્લા સહિત માદરે વતન હિંમતનગર



તાલુકાના નાના અમથા કાણિયોલ ગામનું નામ પણ રોશન કર્યુ છે.

મૂળ કાણિયોલ ગામના અને હિંમતનગર રોજગાર ક્ચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા રમણભાઈ અમીનના પુત્ર ચિરાગે ધોરણ-12 સુધી હિંમતનગર ખાતે અભ્યાસ કર્યા બાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યુ હતું. ત્યારબાદ વર્ષ 2013માં આઈ.આઈ.ટી. ખડગપુરમાં અભ્યાસ કરી કલીયર કર્યા બાદ દિલ્હી ખાતે પી.એચ.ડી. કરી રહ્યા હતા અને યુપીએસસીની તૈયારી કરી પરીક્ષા આપી હતી. વર્ષ 2016માં ત્રીજા પ્રયાસે યુપીએસસી કલીયર કરી હતી. ઈન્ડીયન ફોરેસ્ટ સર્વિસ-આઈ.એફ.એસ. કેડરની મુખ્ય પરીક્ષાનું ગઈકાલે પરિણામ જાહેર થતા ચિરાગ અમીને ઓલ ઈન્ડીયા મેરીટ લીસ્ટમાં 76 મો ક્રમાંક મેળવ્યો છે.જેમાં ચિરાગ અમીન ગુજરાતનો એકમાત્ર ઉમેદવાર છે. ચિરાગની ઉપલબ્ધિને પગલે પરીવારમાં આનંદ સમાતો નથી.